પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૭ | ૧૭ ઓક્ટોબર, ૨૦૧૯, ગુરૂવાર; આસો વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અયોધ્યા કેસમાં સુનાવણી સંપન્ન : ચુકાદો આરક્ષિત

**સુપ્રિમે લેખિત સોગંદનામું, મોલ્ડિંગ ઓફ રિલીફને રિલીફમાં જમા કરાવવા માટે ૩ દિવસનો સમય આપ્યો : આ કેસમાં ૨૩ દિવસ બાદ નિર્ણય આવશે : - છેલ્લા દિવસે બંન્ને પક્ષે ધારદારા દલીલો થઇ, મુસ્લિપ પક્ષના વકીલે નક્શો ફાંડી નાંખતાં હોબાળો મચ્યો : અગાઉ ચીફ જસ્ટિસે પાંચ વાગ્યા સુધી તમામ દલીલો પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો પરંતુ ૪ વાગ્યે જ તમામ દલીલો પૂર્ણ થઇ હતી**



નવીદિલ્હી, તા. ૧૬

અયોધ્યાના ઐતિહાસિક જમીન વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટમાં આખરે સુનાવણી પરિપૂર્ણ થઈ ચુકી છે. સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ સભ્યોની બંધારણીય બેંચે પોતાનો ચુકાદો અનામત રાખી દીધો છે. સીજેઆઈ આગામી મહિને ૧૮મી નવેમ્બરના દિવસે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં આનાથી પહેલા આ ઐતિહાસિક મામલામાં ચુકાદો આવી શકે છે. સીજેઆઈએ આજે સવારે સ્પષ્ટતા કરી દીધી હતી કે, સાંજે પાંચ વાગ્યા સુધી સુનાવણી પુરી કરી લેવામાં આવશે પરંતુ તેમના આક્રમક વલણના લીધે સુનાવણી એક કલાક પહેલા જ એટલે કે ચાર વાગે જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. સીજેઆઈના નેતૃત્વવાળી બંધારણીય બેંચે સંબંધિત પક્ષોને મોલ્ડિંગ ઓફ રિલીફ પર લેખિત નોંધ મુકવા માટે ત્રણ દિવસનો વધારાનો સમય આપ્યો છે. હકીકતમાં મોલ્ડિંગ ઓફ રિલીફમાં બંને પક્ષો તરફથી અપીલ દરમિયાન જે રજૂઆત કરવામાં આવી છે તે રજૂઆતથી

● અનુસંધાન પાન-૭ પર


# મુસ્લિમ પક્ષના વકીલ ધવને નક્શો ફાડી નાંખતા હોબાળો

**ચીફ જસ્ટિસની મરજીથી નક્શાને ફાડી નાંખ્યો : રાજીવ ધવને નક્શાને ફાડી તમામ લોકોમાં ચર્ચા જગાવી**

નવીદિલ્હી,તા. ૧૬

અયોધ્યા મામલામાં ચાલી રહેલી છેલ્લી સુનાવણીના દિવસે મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવન દ્વારા નક્શો ફાડી નાંખવાને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. આને લઈને નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી હતી. લંચ બાદ બીજી વખત સુનાવણી શરૂ થઈ ત્યારે રાજીવ ધવને નક્શાને ફાડી નાંખવાને લઈને કારણ આપ્યા હતા. ધવને કહ્યું હતું કે, ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની ઈચ્છાથી નક્શાને ફાડી નાખ્યો હતો. આના પર ચીફ જસ્ટિસે પણ સહમતિ દર્શાવી હતી. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટમાં જોરદાર ડ્રામાબાજીની સ્થિતિ રહી હતી. ભારે હોબાળો થયો હતો. અયોધ્યા સાથે સંબંધિત મામલામાં નક્શાને ફાડી નાંખવામાં આવતા નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. ત્યારબાદ હિન્દુ મહાસભાના વકીલ વિકાસસિંહ સાથે પણ તેમની બોલાચાલી થઈ હતી જેના ઉપર ચીફ જસ્ટિસે નારાજગી વ્યક્ત કરી હતી. સીજેઆઈની મરજીથી નક્શાને ફાડી નાંખવાની વાત ધવને કરી હતી.

લંચ બાદ સુનાવણી દરમિયાન ધવને કહ્યું હતું કે, તેઓ કહી ચુક્યા હતા કે, નક્શાને ફાડવા ઈચ્છુ છે. ચીફ જસ્ટિસને તેમની ઈચ્છા જાણવા માટે કહેવામાં આવ્યું હતું. આના પર ચીફ જસ્ટિસે સહમતિ દર્શાવી હતી. બીજી બાજુ આજે હિન્દુ મહાસભાના વકીલ વિકાસસિંહે કહ્યું હતું કે, અમે અયોધ્યા રિવિઝિટ પુસ્તક કોર્ટ સમક્ષ રજૂ કરવા ઈચ્છુક છીએ જેને નિવૃત્ત આઈપીએસ ઓફિસર કિશોર કૃણાલે લખ્યું છે. આ પુસ્તકમાં રામ મંદિરના પહેલાના અસ્તિત્વ અંગે વાત કરવામાં આવી છે. ચેપ્ટર ૨૪માં લખવામાં આવ્યું છે કે, જન્મસ્થળના વાયુકોણમાં રસોડાની વ્યવસ્થા હતી. જન્મસ્થાનના દક્ષિણી ભાગે કુવો હતો.




Exact Janma Sthan prepared on documentary evidences

# સમગ્ર ઉત્તરપ્રદેશમાં હાઈએલર્ટ જાહેર

**અયોધ્યા કેસના ચુકાદા પહેલા સરકાર સતર્ક : ૧૦મી ડિસેમ્બર સુધી કલમ ૧૪૪ લાગૂ : ૩૦મી નવેમ્બર સુધી બધા સરકારી અધિકારીઓની રજા રદ : ઓફિસોમાં ઉપસ્થિત રહેવા આદેશો**



નવીદિલ્હી, તા. ૧૬

અયોધ્યા મામલામાં છેલ્લી સુનાવણી આજે પૂર્ણ થઈ ગઈ હતી. એમ માનવામાં આવે છેકે, ૧૭મી નવેમ્બરથી પહેલા અયોધ્યા મામલામાં અંતિમ ફેંસલો સુપ્રીમ કોર્ટનો આવી જશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ કહી ચુક્યા છે કે, હવે આ મામલામાં કોઈ અન્ય પક્ષને કોઈ સમય મળનાર નથી. બીજી બાજુ સંભવિત ચુકાદાને લઈને પહેલાથી જ ઉત્તારપ્રદેશમાં રાજકીય ગતિવિધિ અને હલચલ વધી ગઈ છે. અયોધ્યામાં ૧૦મી ડિસેમ્બર સુધી કલમ ૧૪૪ લાગૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારે તમામ પોલીસ અને વહીવટી અધિકારીઓની રજા ૩૦મી નવેમ્બર સુધી રદ કરી દીધી છે. સરકારે પોતાના આદેશમાં તમામ અધિકારીઓને પોતાના મુખ્ય ઓફિસમાં પહોંચી જવા માટેની

● અનુસંધાન પાન-૭ પર

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-30 ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-30,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ
હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.
PARAM

## સેંસેક્સમાં ૯૩ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા. ૧૬

શેરબજારમાં આજે ઉદાસીન કારોબાર વચ્ચે ધીમી તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૯૩ પોઈન્ટ ઉછળીને ૩૮૫૯૯ની ઉંચી સપાટીએ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સના શેરમાં ૩.૫૦ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે હિરો મોટોના શેરમાં ત્રણ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ફાઈનાન્સિયલ, એનર્જી અને આઈટી જેવા કાઉન્ટરોમાં લેવાલી જામી હતી. એચડીએફસી, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. આઈટીસી, એશિયન પેઈન્ટ્સ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૬ પોઈન્ટનો સુધારો રહેતા તેની સપાટી ૧૨૮૦૦ રહી હતી જ્યારે મિડકેપ ઈન્ડેક્સમાં ૨૦ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૩૯૨૦ રહી હતી.

# અનંતનાગમાં ત્રણ આતંકવાદીઓ ઠાર

**જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં કેટલાક અન્ય ત્રાસવાદીઓ હાલમાં છુપાયા છે : સર્ચ ઓપરેશન હાલમાં મોટાપાયે જારી : ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારોનો જથ્થો કબજે**

શ્રીનગર,તા. ૧૬

જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી છે. સુરક્ષા દળોએ મોટુ ઓપરેશન પાર પાડીને ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. આ સમગ્ર વિસ્તારમાં કેટલાક વધારે ત્રાસવાદીઓ હાલમાં છુપાયેલા છે. જેના કારણે સર્ચ ઓપરેશનની પ્રક્રિયાને વધારે તીવ્ર અને ઝડપી બનાવી દેવામાં આવી છે. બીજી બાજુ અથડામણમાં એક સુરક્ષા જવાન ઘાયલ છે. એમ કહેવામાં આવ્યુ છે કે અથડામણના પાજલપોરા વિસ્તારમાં થઈ રહી હતી. સુરક્ષા દળોને અહીં ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન મોટા પાયે હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના કારણે ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં પોલીસ અને સુરક્ષા દળોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી.

અત્રે નોંધનીય છે કે સોમવારના દિવસે જ શોપિયન જિલ્લામાં એક શંકાસ્પદ પાકિસ્તાની નાગરિક સહિત બે ત્રાસવાદીઓએ રાજસ્થાનના એક ડ્રાઈવરની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. સોમવારના દિવસે એક સંયુક્ત ઓપરેશનમાં સુરક્ષા દળોએ ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહદ્દીનના બે ત્રાસવાદીઓ પકડાયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં ૮૦ ટકા ત્રાસવાદી હિંસા વધી ગઈ છે. ત્રાસવાદ ગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હિંસા તેમજ ત્રાસવાદીઓના મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનામાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૮ની તુલનામાં વર્ષ ૨૦૧૭માં વધુ વધારો થયો છે.

## કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુખ અબ્દુલ્લાને ફરી નજરકેદ કરાયા

શ્રીનગર,તા.૧૬

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને જમ્મુ કશ્મીરમાં એક કરતાં વધુ વખત મુખ્યપ્રધાન રહી ચૂકેલા નેશનલ કોન્ફરન્સના નેતા ડૉક્ટર ફારૂખ અબ્દુલ્લાને ફરી નજરકેદમાં લેવાયા હોવાની માહિતી મળી હતી. તેમની પુત્રી સાફિયાને જ્યુડિશિયલ કસ્ટીડીમાં લેવામાં આવી હતી.કેન્દ્ર સરકારે પાંચમી ઑગસ્ટે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી ત્યારથી ડૉક્ટર ફારૂખ અબ્દુલ્લા નજરકેદમાં હતા. હજુ તો ગયા સપ્તાહે તેમને મુક્ત કરાયા હતા.આજે બુધવારે ૧૬ ઓક્ટોબરે સવારે તેમને ફરી નજરકેદમાં રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

લાલચોક વિસ્તારમાં કરાયેલા દેખાવો બાદ ફારૂખ, તેમની પુત્રી અને તેમની બહેનને નવેસર અટકાયતમાં લેવાયાં હતાં. રાજ્યનો ખાસ દરજ્જો નાબૂદ કર્યા બાદ સતત ૭૨ દિવસ સુધી વિવિધ પ્રતિબંધો રાજ્યમાં લાદવામાં આવ્યા હતા. પ્રતિબંધો ઊઠાવી લેવાયા બાદ આ પહેલો જાહેર દેખાવ હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Come to CANADA
Consultation with an experience Canadian Immigration Lawyer
Our Services : Students Visa / Express Entry
Business - Investor Visa (Min. Investment 75 Lacs) Get Family PR
Visitor Visa Success TIPS
જેન્યુઈન અને પારદર્શક સલાહ
Work Permit
Only for Visitor Visa Holder
CiFL CENTRE
Free Assessment
93288 95045

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

JSG Jain Social Groups Int. Federation
જૈન સોશ્યલ ગ્રૂપ, ગાંધીનગર
આયોજીત
ભવ્ય દિવાળી શોપીંગ મેલા
પ્રદર્શન અને વેચાણ
તારીખ : ૧૯-૧૦-૨૦૧૯ અને ૨૦-૧૦-૨૦૧૯ (શનિવાર અને રવિવાર)
સમય : સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી
સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી,
ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૭, ગાંધીનગર

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
માસ દિવાળી ઓફરોની આતશબાજી
પર્સનલ લોન ૫ લાખ સુધી માત્ર 3 દિવસમાં
ટુ-વ્હીલર વસાવો 100%* લોન સાથે
USED કોમર્શિયલ વ્હીકલ લોન
મશીનરી લોન
બિઝનેસ લોન
પ્રિ-ઓન કાર લોન
હોમ લોન
*શરતો લાગુ
આકર્ષક વ્યાજદર | ઝડપી પ્રોસેસિંગ | આસાન શરતો | માસના જૂના ગ્રાહકો માટે સ્પેશિયલ ઓફર | "જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓ નું મુલ્ય" | વધુ માહીતી માટે મિસ્ડ કોલ કરો 079-49137711